**Capital World (Gujarati) Pg 1,  15th Sep 2022**

# ક્રિપ્ટોકરન્સીમાં સતત બીજા દિવસે ઘટાડો

» ભારતીય 3.0 વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં 3.૦૫ ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૧૪**

ક્રિપ્ટોકરન્સીમાં સતત બીજા દિવસો ઘટાડો જોવા મળ્યો હતો કારણ કે ફંડામેન્ટલ્સમાં કોઈ ફેરફાર થયા નહોતા. અન્ય બજારોમાં પણ નકારાત્મકતા હોવાથી ક્રિપ્ટોકરન્સી બજારના વધારાને ટેકો મળ્યો નહોતો.

બુધવારે વૈશ્વિક ધોરણે દરેક શેરબજારમાં ઘટાડો થયો હતો. બીજી બાજુ ક્રૂડ તેલ અને નેચરલ ગેસ વાયદામાં વધારો થયો હતો. એકંદર સેન્ટિમેન્ટ નકારાત્મક હતું કારણ કે અમેરિકામાં રિટેલ ફુગાવો અપેક્ષા કરતા ખરાબ રહ્યો હતો. આ બધાની વચ્ચે ક્રિપ્ટોકરન્સી બજારમાં ઘટાડો થયો હતો.

જયારે3.0 વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫બુધવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં3.૦૫ ટકા (૯૫૧ પોઈન્ટ્સ)ઘટીને૨૯,૯૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.



**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૦,૨૬૨.૦૭ | ૧,૬૧૦,૭૧૮.૮૫ | -૪.૬૩ | ૬.૬૩ |
| ઈથેરિયમ (ETH) | ૧,૬૦૧.૪૮ | ૧૨૭,૩૫૩.૦૭ | -૦.૬૩ | ૪.૦૫ |
| બિનાસ કોઇન (BNB) | ૨૮૦.૮૭ | ૨૨,૩૦૦.૭૪ | -૧.૬૪ | ૪.૯૦ |
| XRP | ૦.૩૪ | ૨૬.૮૨ | -૧.૨૪ | ૩.૭૯ |
| ડોજીકોઇન | ૦.૦૬૦૯ | ૪.૮૫ | ૦.૦૮ | ૧.૨૫ |
| લાઇટ કોઇન (LTC) | ૬૦.૯૦ | ૪,૮૫૭.૮૮ | -૪.૨૧ | ૯.૪૯ |